# ડીસામાં લગ્નમાં ખોરાકી ઝેરની અસરે ૩૦૦ દર્દી સારવાર હેઠળ

ડીસા, તા. ૨૪

ડીસામાં શ્રમજીવી વિસ્તાર એવા રેજીમેન્ટમાં લગ્નના ભોજન સમારોહમાં ભોજન આરોગ્યા બાદ ૩૦૦ જેટલા લોકોને ઝાડા-ઉલટી અને ચક્કર આવતા અસરગ્રસ્ત એવા તમામને ડીસાની સરકારી હોસ્પિટલ અને ભણશાળી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરાયેલ છે. જેનાથી સમગ્ર ડીસામાં ચકચાર મચેલ છે.

બનાસકાંઠાના ડીસામાં આજે રેજીમેન્ટ વિસ્તારમાં એક લગ્નના ભોજન સમારોહમાં શુક્રવારની ગત મોડી રાત્રી સુધી લોકો જોડાયા હતા. અને ભોજન આરોગ્યુ હતું. જો કે એકાદ કલાકમાં જ આ ભોજન આરોગનાર લગભગ તમામને ચક્કર આવવા લાગ્યા હતા અને તે બાદ ઉલટી થવા લાગી હતી. જેમાં મહિલા અને બાળકો પણ મોટી સંખ્યામાં હોઈ તમામને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબની પ્રાથમિક તપાસમાં આ દર્દીઓએ ગાજરનો શીરો ખોધો હોઈ તે બાદ આ ફુડ પોઈઝનની અસર થઈ હોવાનું માલુમ પડતા તમામને દાખલ કરાઈ સારવાર અપાઈ હતી, જો કે રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં આવા દર્દીઓની સંખ્યામાં વધારો થયો હતો, અને ગાંધી લિંકન હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં ૩૦૦ જેટલા ખોરાકી ઝેરની અસરવાળાં દર્દી નોંધાયા હતા જેમને સઘન સારવાર અપાઈ હતી.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જો કે આ ફુડ પોઈઝનની અસર ધરાવતા દર્દી ગાજરનો હલવો આરોગતા તેમની તબિયત લથડી હોવાનું જણાવતા હતા, અહીં ઉલ્લેખનીય છે કે માવા લગતી મીઠીઆઈમાં કેટર્સ વ્યવસાય સાથે સંકળાયેલા વહેપારી વધુ નફાની લાયમાં કોલ્ડસ્ટોરેજમાં મહિના સુધી સચવાયેલા 'ફુગ' ધરાવતા મામવાનો ઉપયોગ કરી માનવ જીવન સાથે ચેડા કરતા હોય છે ત્યારે હાલના આ બનાવમાં આવી જ સંભાવના જોવાઈ રહી હોઈ તંત્ર આ બાબતની ન્યાયિક તપાસ કરે તેવી માંગ ઉઠેલ છે.

આ બાબતે ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડૉ. ઉમેશ ઝવેરીએ જણાવેલ કે આ ઘટના ખોરાકી ઝેરની અસરની છે જેથી અમોએ આરોગ્ય કર્મચારીઓની ટીમ સાથે રાખી ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને ખોરાકી ઝેરની અસર તળેના દર્દીઓને દવાઓ આપી હતી, અને ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે, આ ઘટનામાં જે કોઈ દોષિત હશે તેની સામે કડકાઈએ કામ લેવાશે તેવું તેમને જણાવ્યુંહતું. જો કે આ ઘટનાથી સમગ્ર ડીસા પંથકમાં સનસનાટી ફેલાઈ હતી.

# મોડાસામાં સીપીએમનું ૨૧મુ ગુજરાત રાજ્ય અધિવેશન યોજાયું

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સીપીએમનું ૨૧મુ ગુજરાત રાજ્ય અધિવેશનનું આયોજન ૨૪, ૨૫ જાન્યુઆરી એમ બે દિવસ સુધી કરવામાં આવ્યું છે. જેમાં ભારતના સામ્યવાદી પક્ષ (માર્કસવાદી)ના પોલિટ બ્યુરોના સભ્ય કોમરેડ વૃંદા કરાત, ગુજરાત એકમના પ્રભારી કો. સુકોમલ સેન, ગુજરાત રાજ્ય સમિતીના મંત્રી કો. સુબોધ મહેતા હાજરી આપશે. પોલિટ બ્યુરોના સભ્ય વૃંદા કરાતે મોડાસા નગર પાલિકા ટાઉનહોલમાં સભાને સંબોધી હતી. જ્યારે મોડાસા શહેર એ લાલરંગ ધારણ કર્યો હોય તેમ મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર સીપીએમના લીલા ઝંડા લહેરાતા જોવા મળતા હતા.

મોડાસા શહેરના ચાર રસ્તા નજીક જાહેર સ્થળ પર સભા સંબોધતા ડૉ. વૃંદા કરાતે જણાવ્યું હતું કે આ દેશની જનતા કોંગ્રેસના કૌભાંડો અને મોંઘવારીથી ત્રાસી ગઈ હતી એ સમયે જ ભારત દેશની ચૂંટણી આવતાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વપનાના વાવેતર કરી, ખોટા વચનો આપી, અચ્છે દિનના વાયદાઓ કરી સત્તા હાંસલ કરી છે. પરંતુ હકીકતમાં મોદીએ દેશની જનતાને સરેઆમ છેતરી છે. ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટવાને બદલે વધારો થયો છે. ભાજપની સરકારે ૬ ટકા એફડીઆઈ લાભ જાહેર સાહસોનું ખાનગીકરણ કરી ગરીબ જનતા જોડે કોઈ હિતકારી પગલુ ભર્યુ નથી. બી.પી.એલ. કાર્ડ ધારકોને ૨૫ કિલો અનાજ આપવાનો કાયદાનો અમલ કરાવવો. જંગલ અધિગ્રહણનો કાયદો ફક્ત કાગળ ઉપર જ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

હજુ સુધી આદિવાસી બંધુઓને જમીન મળી નથી. આ દેશમાં ગરીબ લોકો વધારે ગરીબ અને અમીર લોકો ધનવાન બની રહ્યા છે. ભાજપની સરકારમાં ગરીબ લોકોની, પછાત સમાજની ઉપેક્ષા થઈ રહી છે. આ જાહેર સભામાં ડૉ. અરૂણ મહેતા સીપીએમ પક્ષના રાજ્ય મંત્રીમંડળના સભ્યો પ્રો. પ્રાગજીભાઈ ભાંભી, ડૉ. નગીનભાઈ પટેલ, ડો. નલિની જાડેજા, કો. કુબેરભાઈ બામ્ભી, કો. રામચંદ્રન અને કો. બટુક મકવાણા અને અરવલ્લી જિલ્લાના સી.પી.એમ.ના મંત્રી અને વકીલ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. જાહેરસભામાં સી.પી.એમ.ના નેતાઓએ કોંગ્રેસ અને ભાજપ સરકાર પર ચાબખા માર્યા હતા.

# સેંભરમાં મુખ્યમંત્રીના કવરેજ અર્થે ગયેલા પત્રકારોની એસ.ટી. ખોરવાતા રોષ ફેલાયો

પાલનપુર, તા.૨૪

બનાસકાંઠા જિલ્લાના વડગામના સેંભર સ્થિત ગોગા મહારાજના મંદિરે આયોજીત ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં રાજયના મુખ્યમંત્રી આવ્યા હતા. જયાં કવરેજ માટે બનાસકાંઠા જિલ્લા ભરમાંથી આવતા પત્રકારો માટે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવી હતી પરંતુ એસ.ટી. તંત્રની આ ખખડધજ બસ ખોટવાતા પત્રકારોએ બસને ધક્કા મારવાનો વારો આવ્યો હતો આથી પત્રકારોમાં ભારે રોષ ફેલાયો હતો.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠાના સેંભરમાં ગોગા મહારાજના મંદિરે આવેલ મુખ્યમંત્રીના કવરેજ માટે જિલ્લા મહિતી કચેરી દ્વારા જિલ્લાના ટી.વી. મિડીયા, દૈનિક અખબારોના કર્મીઓ પત્રકારોને લઈ જવા માટે એસ.ટી. બસની સુવિધા કરી હતી. આ ખખડધજ એસ.ટી. બસ પત્રકારોને બેસાડી કાર્યક્રમ સ્થળ સુધી લઈ ગઈ હતી. કાર્યક્રમ બાદ પરત ફરતા એસ.ટી. બસ બગડતા ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો. અને સરકારી તંત્ર સામે ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો. આ ઘટના બનતા પત્રકારોએ જિલ્લા માહિતી ખાતા માં ફોન દ્વારા જાણ કરતા માહિતી ખાતા દ્વારા પત્રકારો માટે અન્ય વાહનની વ્યવસ્થા ગોઠવી આપી હતી.

# મોડાસાની ખાનગી હૉસ્પિટલમાં ડૉક્ટરની જગ્યાએ દાયણે ડીલેવરી કરાવતા બાળકનું મૃત્યુ

## પરિવારજનોમાં હોબાળો : ડૉક્ટર દ્વારા પાણી છુટ્યા પછી પાળ બાધવાની કોશિસ : દર્દીના પરીવારજનોની માફી માંગી

(જીતેન્દ્ર પટેલ દ્વારા) મોડાસા, તા. ૨૪

મોડાસા ખાતે આવેલી ખુશ્બુ ગાયનેક હોસ્પીટલ માં ડોકટર ની જગ્યા એ આજે અનકવોલીફાઈ દાયણ ધ્વારા ડીલીવરી કરાવતા મહિલાના કુખે મૃત બાળક નો જન્મ થયો હતો જેને લઈ ને પરીવારનજો રોષે ભરાયા ડીલીવરી માં બાળક નુ મોત થયુ હતુ જેથી આ પરિવાર પર આભ તુટી પડે તેવી પરીસ્થીતી સર્જાઈ હતી અને પોતાનુ બાળક ગુમાવતા પરિવારે ડોકટર અને હોસ્પીટલ ને પોતાના બાળકના મોત માટે જવાબદાર ગણાવ્યા હતા.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

હતા અને ડોકટર ની જગ્યાએ દાયણ ધ્વારા ડીલીવરી કરાવતા મહિલા ને કુખે મૃત બાળકનો જન્મ થયાના આક્ષેપ સાથે હોબાળો મચાવ્યો હતો.

મેઘરજ તાલુકા ના શણગાલ ગામે રહેતા મનીષાબેન પટેલ ને સારા દિવસો ની શરૂઆત થતાં મોડાસા ખાતે આવેલી ખુશ્બુ હોસ્પીટલ માં સારવાર માટે દવા ચાલુ કરી હતી જયારે આ મહિલા ધ્વારા પોતાની પ્રથમ વખતે પણ ડલેવરી આ ડોકટર ધ્વારા જ કરવામાં આવી હતી તે વખતે મહિલાની કુખે બાળક નો જન્મ થયો હતો જયારે ત્યારે આ વખતે બીજી ડીલીવરી વખતે પણ આ જ ડોકટર ના ત્યાં ડીલીવરી માટે ની દવા ચાલુકરાવી હતી અને તા ૨૮ જુલાઈ ના રોજ આ ડોકટર ના ત્યાં પ્રેગનેન્સી ની દવા ચાલુ કરાઈ હતી અને અવારનવાર આ ડોકટર ને ત્યાં ચેકઅપ પણ કરાવવા માં આવ્યુ હતુ પરંતુ આ મહિલા ના પરિવારજનો ધ્વારા આ ડોકટર પર મુકેલો વિશ્વાસ તુટયો હતો અને હોસ્પીટલ ની નીષ્કાળજીના કારણે આ મહિલા ને પોતાનુ બાળક ગુમાવાનો વારો આવ્યો હતો મહિલા ની ડીલીવરી હોસ્પીટલના ગાયનેક ડો કર્દપભાઈ ધ્વારા કરાવાની જગ્યાએ નાઈટ શીફટ માં કામ કરતી હોસ્પીટલ ની દાયણ ધ્વારા કરવતા જેમાં કોઈ કારણસર

### આરોગ્ય તંત્ર ધ્વારા હૉસ્પીટલમાં ડીગ્રી વગરના સ્ટાફની ચેકીંગ જરૂરી

જયારે હાલ મોડાસાની ખાનગી હોસ્પીટલોમાં દર્દીઓને યોગ્ય સારવાર આપવાના નામે મસમોટી ફી સહિતનો ચાર્જ ડોકટરો ઉઘરાવતા હોય છે પરંતુ પોતાની હોસ્પીટલના તાલીમબધ્ધ સ્ટાફના અભાવે કેટલીક વાર દર્દીઓના જીવ જોખમમાં મુકાતા હોય છે છતાં તંત્ર ધ્વારા નકકર કાર્યવાહીના અભાવે ડોકટરો બે જવાબદાર બની રહયા છે અને દર્દીઓ પરેશાન થઈ રહયા છે જો આરોગ્ય ધ્વારા આ બાબતે દરેક હોસ્પીટલોમાં યોગ્ય તપાસ કરવામાં આવે અને આવા અનેક કવોલીફાઈડ સ્ટાફ રાખનાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તો ફરીથી કોઈ માતાને આવી રીતે પોતાનો પુત્ર ઘુમાવાનો વારો ન આવે.

આ પટેલ પરીવાર છેલ્લા કેટલાય સમય થી આ હોસ્પીટલ માં દવા લેતો હતો અને ગઈકાલે સાંજે પાંચ વાગે મહિલા ને ડીલીવરી નો દુખાવ ઉપડતા હોસ્પીટલ માં એડમીટ કરવામાં આવી હતી પરંતુ રાત્રી ના સમયે ડોકટર હાજર ન રહેતા હોસ્પીટલ ની દાયણ ધ્વારા ડીલીવરી કરાવામાં આવતા બાળકનુ મોત નીપઝયુ હતુ જયારે આ મામલે ડોકટરે દાયણ ના ઓવરકોન્ફીડન્સ ના કારણે ડીલીવરી કરાવાઈ હોવાનુ જાણાવ્યુ હતુ અને આ દાયણ ની ભુલ થી બાળક નુ મોત નીપઝયુ છે તે માટે ડોકટર ધ્વારા પાણી છુટયા પછી પાળ બાંધવાની જેમ આ ઘટના માટે માફી માંગી હતી અને આ હોસ્પીટલ ની સીસ્ટમ બદલવાની વાત કરી હતી કે આજ પછી ડોકટર હાજર ના હોય તો ડોકટર ને બોલાવા અને નર્સે ડીલીવરી કરાવવી નહી તેવો નીયમ બનાવાનો રાગ આલાપ્યો હતો પરંતુ જો ડોકટર ધ્વારા આ જ નીયમ પહેલા બનાવાયો હોત તો આજે જે મહિલા એ ૯ મહિના પોતાની કુખે જે બાળક ને મોટુ કર્યુ હોય અને થોડાક જ સમય માં એક દાયણ ની ભુલના કારણે આ મહિલા ની કુખે જન્મેલા બાળક નુ મોત પોતાની નજર સમક્ષ જ થયુએ ના થયુ હોત ત્યારે એ મહિલા ની વેદના એક મા જ સમજી શકે છે.


### ભુમીનુ ઋણ ચુકવવા એનઆરઆઈ દ્વારા

# અરવલ્લી જિલલામાં ૩૦૦ એકર જમીનમાં સ્ટેવીઆનુ વાવેતર કરવામાં આવશે

(જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા તા.૨૪

વિદેશ માં સ્ટેવીઆ નામથી ઓળખાતે અલભ્ય એવી આર્યુવેદીક વનસ્પતિ નુ અરવલ્લી જિલલાની ૩૦૦ એક રજમીન માં વાવેતર કરવાનુ અભીયાન એનઆરઆઈ બંધુ ધ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પ્રવાસી ભારતીય દિન ની ઉજવણી નિમિત્તે વતન માં આવેલા ગાબટ ગામના વિજયભાઈ શાહ છેલ્લા ૪૫ વર્ષ થી પરીવાર સાથે અમેરીકા માં રહે છે પોતે હાથ ધરેલ કોસ્મો એગ્રો વલ્ડ પ્રોજેકટ હેઠળ પ્રાથમીક ધોરણે સાઠંબા ગામે હાથ ધરાયેલી પ્રાથમીક ધોરણે હાથ ધરાયએલી સ્ટેવીઆ ની ખેતી અંગે અરવલ્લી જિલ્લા કલેકટર સમક્ષ રજુઆત કરી હતી.

ડાયાબીટી અને હાઈબ્લડ પ્રેશર સહિત ના વિવિધ રોગો માં ઉઉપયોગી એવી સ્ટેવીઆની ખેતી નો પ્રોજેકટ શરૂ કરનાર એનઆરઆઈ વિજયભાઈ શાહે વતનનુ ઋણ ચુકવવા તેમજ ગામડાઓ માં આજીવિકા ઉભી કરવા અને યુવાનોને જરૂરી ટ્રેનીગ પુરી પાડવા નો સંકલ્પ આ અનોખા પ્રયોગ સાથે હાથ ધર્યો છે.

ખાંડ થી પણ અધિક ૩૦૦ ગણી ગળી એવી સ્ટેવીઆ વનસ્પતિના પત્તા પયોગી નીવડતા હોવાના દાવા સાથે અરવલ્લી જિલ્લા માં પ્રાથમીક ધોરણે કરાયેલ સ્ટેવીઆ હર્બલ ખેતી નુ આગામી વર્ષો માં વધુ ને વધુ ખેતરો માં વાવેતર કરવામાં આવનાર હોવાનુ પ્રોજેકટ ના પ્રણેતા એ જણાવ્યુ હતુ.

અરવલ્લી જિલ્લામાં ઔષધિ છોડના વાવેતર નો પ્રોજેકટ હાથ ધરાયા બાદ આગામી વર્ષો માં અરવલ્લી જિલ્લો સૌથી વધુ સ્ટેવીઆ પકવતો પંથક બની જાય તો નવાઈ વાત નહી.

જિલ્લા માં સ્ટેવીઆ ની ખેતી નો મહત્વ નો પ્રોજેકટ હાથ ધરનાર એનઆરઆઈ વિજયભાઈ શાહ ના જણાવ્યા અનુસાર સૌથી વધુ ગળી આ વનસ્પતિ ના પત્તા અને પાવડર ડાયાબીટીસ કટ્રોલ કરવાથી માંડી હાઈ બ્લડ પ્રેશર પોયોરીયા દાંતનો સો ઘટતા જતા વજનની સમસ્યા માંડી કેટલાય અસાધ્ય રોગો માં પયોગી બને છે.

### અરવલ્લી જિલ્લા એલસીબી અને બાયડ પોલીસે

# બાયડ તાલુકાના વાત્રક નજીકથી દારૂ ભરેલી ઈનોવા કાર સાથે બેની ધરપકડ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨૪

સમગ્રારજય માં પ્રજાસત્તાક પર્વ ને લઈ ને રાજય ની પોલીસ ને એલર્ટ રહેવા સુચના આપવામાં આવી છે ત્યારે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારની સુચના અનવ્યે રાજય માં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસ અધીક્ષક મયુરસિંહ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ નાઈટ દરમ્યાન જરૂરી વાહન ચેકીંગ કરી અસરકારક કામગીરી કરવાની સુચના આપવામાં આવી હતી જે અંર્તગત વાત્રક પાસે હાઈવે રોડ પર બાયડ પોલીસ અને અવરલ્લી જીલ્લા એલસીબી ધ્વારા નાકાબંધી કરવામાં આવી હતી અને નાઈટ રાન્ડ દરમ્યાન બાતમી ના અધારે રાજસ્થાન બાજુ થી આવતી ઈનોવા કાર નંબર જી. જે. ૧૮


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

એસીની તપાસ કરતાં આ ગાડીમાંથી વગર પાસ પરીટનો વિદેશી દારૂ રોયલ સ્ટેગ કંપનીની ૧૦૧ બોટલો કીંમત રૂ. ૪૦૪૦૦, પંજાબ બીયર ૬૦૦૦ની બોટલો નંગ ૩૨૪ કીંમત .૩૨૪૦૦ જે જયારે જે કંપનીની સીલબંધ લેબલવાળી કાચની કોટલ નંગ ૪૨૫ કીંમત રૂપીયા ૭૨૮૦૦, ૫ લાખ રૂપીયાની ઈનોવા કાર મળીને કુલ ૫૭૪૮૦૦નો રૂપીયાના મુદામાલ સાથે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. અશોકકુમાર અમૃતલાલ બારોટ રહે. નડીઆદ, સચીનભાઈ અબુભાઈ ઠાકોરની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથધરી હતી.

# પાલનપુર ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ ઉજવાઈ

આઝાદીના જંગના વીર યોદ્ધા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૮મી જન્મ જયંતિની આજરોજ પાલનપુર ખાતે નેતાજી સુભાષ સ્મારક સમિતિ દ્વારા ઉજવણી કરાઈ હતી અને નેતાજીની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. નેતાજી ષુભાષ સ્મારક સમિતિના પ્રમુખ રાજેન્દ્ર ધારીવાલની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં સમિતિના સભ્યો, પ્રબુદ્ધ નાગરિકો, આગેવાનોએ નેતાજી સુભાષચંદ્ર બોઝ અમર રહોના નારા સાથે વાતાવરણ ગુંજાયમાન કર્યુંહતુંઅને નેતાજીના કાર્યોને યાદ કર્યા હતા. દિવસ દરમિયાન દેશભક્તિના ગીતોસાથેશ્રમજીવી ગરીબોને ફ્રુટ, બિસ્કીટનુંવિતરણ સ્મારક સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યુંહતું.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સકલુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર: TATA
ઓથોરાઈઝ્ડ ડીલર: Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦